# ધોરણ-૧૦નું ગણિત વિષયનું પેપરમાં એમસીક્યું અઘરા લાગ્યા : વિદ્યાર્થીઓ અટવાયા

રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૧૨ માર્ચ થી શરુ થયેલી ધોરણ-૧૦ ની પરીક્ષામાં મંગળવારે લેવાયેલ ગણિત ની પરીક્ષામાં પ્રશ્નપત્ર અઘરું પુછાતા વિદ્યાર્થીઓમાં ભારે નિરાશા જોવા મળી હતી ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓમાં મોટાભાગના વિદ્યાર્થીઓ પાસિંગ માર્કસ માટે ખૂબ જ મહત્વના પાર્ટ-૧ વિભાગમાં પુછાયેલા એમસીક્યુ અઘરા અને અટપટી રીતે પુછાતા રીતસરના રડતા રડતા પરીક્ષા કેન્દ્ર માંથી બહાર નીકળતા જોવા મળ્યા હતા અરવલ્લી જીલ્લાના વિદ્યાર્થીઓ અને વાલીઓએ પેપર સેટર અને બોર્ડ સામે ભારે રોષ ફેલાયો હતો

અરવલ્લી જીલ્લામાં ધોરણ-૧૦ ના ગણિત વિષયનું પેપર અઘરું અને લેન્થી નીકળતા પરીક્ષાર્થીઓ મુંઝાઈ ગયા હતા અને પેપર પૂર્ણ થયા બાદ પ્રુસકે પ્રુસકે રડતા નજરે પડતા હતા ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવતી માધ્યમિક શાળાંત પરીક્ષાનું આજનું ગણિત વિષયનું પ્રશ્નપત્ર ખૂબ જ અઘરું અને લાંબુ રહ્યું હતું. ગણિત શિક્ષકોના મત મુજબ છેલ્લા ૨૦ વર્ષમાં આવું વિચિત્ર પ્રશ્નપત્ર આવ્યું નથી. પરીક્ષા પૂર્ણ કરી બાળકો રડતાં રડતાં બહાર આવી રહ્યાં હતાં.

હતાશા ચહેરા પર વર્તાઈ રહી હતી અને નિરાશા પણ ટપકી રહી હતી. વિભાગ છમાં પૂછેલ પ્રશ્નો પણ એટલા અઘરા અને અટપટા હતાં કે જેથી બાળકો નિયત સમયમર્યાદામાં તેને યોગ્ય ન્યાય આપી શક્યા ન હતા. પુસ્તક બહારના અને અભ્યાસક્રમ બહારના પણ દાખલા પૂછીને બાળકોની કસોટી માત્ર કરવાના ઈરાદાથી પ્રશ્નો તૈયાર કરવામાં આવ્યાં હતાં. ગુ. મા. શિ. બોર્ડ દ્વારા આપવામાં આવેલ બ્લુ પ્રિન્ટને અવગણીને વિદ્યાર્થીઓમાં હાઉ કે ડર પેદા કરવાના મલીન ઉદ્દેશથી પેપર સેટરે પેપર તૈયાર કર્યું હોય એ સ્પષ્ટ જણાઈ આવે છે.

આ બાબતે બોર્ડ યથાયોગ્ય રીતે તટસ્થ-ન્યાયિક-નિષ્પક્ષ તપાસ હાથ ધરી જવાબદાર પેપર સેટર અને અધિકારીઓ ને સજાની તજવીજ કરે એવું વિદ્યાર્થીઓ અને વાલીઓએ માંગ કરી હતી

# અરવલ્લી જિલ્લાના ધનસુરા તાલુકાના બુટાલ ગામે અને જનતાનગર વિસ્તારમાં ખુલ્લેઆમ વેચાતો દારૂ

મળતી માહિતી મુજબ ધનસુરા તાલુકાના બુટાલ ગામે ગામમાં પ્રવેશતાં ગંદા પાસે આવેલ નટુભાઈના ઘેર દારૂ વેચાઈ રહયો છે અને ત્યાંથી ધનસુરા જનતાનગર વિસ્તારમાં પણ દારૂ સપ્લાય કરવામાં આવી રહયો છે. જેને લઈને પોલીસે ચશ્મા પહેરી રાખ્યા છે કે શું એવી લોકમુખે ચર્ચા થઈ રહી છે. ગુજરાતમાં દારૂ વેચવો અને પીવા પર પ્રતિબંધ હોવા છતાં કેટલીક જગ્યાએ દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા છે. ધનસુરાના બુટાલ ગામે અને જનતાનગરમાં ખુલ્લેઆમ દારૂ વેચાઈ રહ્યો છે. આ દારૂના અડ્ડાઓ બંધ કરાવવા લોકોની માંગ. દારૂથી યુવાધન બરબાદ થાય છે એવામાં આ દારૂના આ અડ્ડાઓ બંધ થાય એવી લોકોની માગણી છે. દારૂબંધી માટે ગુજરાતમાં અલગ અલગ જગ્યાએ આંદોલન પણ થયા છે. છતાં આ દારૂ વેચાઈ રહ્યો છે. દારૂ પીને અકસ્માત, મારપીટ જેવા ગણા કિસ્સાઓ પણ થતા હોય છે એવામાં ધનસુરા તાલુકામાં આ દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા છે એ અડ્ડાઓ બંધ થાય એવી લોકોની માંગણી છે. લોકોમાં એ પણ પ્રશ્ન ચર્ચાઈ રહ્યો છે કે આ દારૂ વેચાય છે એ શું પોલીસને ખબર નહી હોય ? દારૂથી માણસ આર્થિક અને શારિરીક રીતે બરબાદ થઈ જાય છે અને યુવાનોને જો દારૂની લત લાગી જાય તો યુવાધન પણ બરબાદ થઈ જાય છે. ત્યારે ધનસુરા તાલુકાના બુટાલ ગામે અને ધનસુરાના જનતાનગરમાં દારૂનું વેચાણ બંધ થાય એવી લોકમાગણી છે.



**વિધાનસભાના ડો. અનિલ ચૌહાણનું મુખ્યમંત્રીના હસ્તે સન્માન કરાયું**

ગુજરાત વિધાનસભા ગૃહ ખાતે મંત્રીઓ, ધારાસભ્યો, પત્રકાર મિત્રો માટે પ્રેસ એક્રેડીટેડ ક્લબ દ્વારા એક આરોગ્ય સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મેડીકલ કેમ્પનું ઉદ્દઘાટન વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્રભાઈ ત્રિવેદી અને મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિધાનસભામાં છેલ્લા ૧૭ વર્ષથી નિરંતર આરોગ્ય સેવાઓ આપતા ડો. અનિલ ચૌહાણનું મુખ્યમંત્રી વિજય રૂપાણી દ્વારા તેમની સેવાઓની કદરના ભાગરૂપે 'મોસ્ટ કમ્પશનેટ ડોક્ટર'(દયાળુ) ના સર્ટીફિકેટ દ્વારા સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વિધાનસભાના અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદી, રાજયના આરોગ્ય મંત્રી કિશોર કાનાણી, ભાજપના દંડક પંકજ દેસાઈ સહિત મોટીસંખ્યામાં પત્રકાર મિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

# સાહિત્ય, સંગીત, સમાજસેવા, શિક્ષણ અને સ્પોર્ટસને મળ્યો 'પારસમણિ' સ્પર્શ

ગાંધીનગર, તા. ૨૦

ગુડી પડવાના પવિત્ર દિવસે સ્વામિનારાયણ મંદિર સેકટર-૨ ઉના શાસ્ત્રી સ્વામિ શ્રી હરિકેશવદાસજીના શુભ હસ્તે 'પારસમણિ' ફાઉન્ડેશનનું ઉદઘાટન કરવામાં આવ્યું હતું.





સાહિત્ય, સંગીત, સમાજસેવા, શિક્ષણ અને સ્પોર્ટસ એમ વિવિધલક્ષી સામાજિક પ્રવૃત્તિઓ કરવા માટે આ સંસ્થાની સ્થાપના ગાંધીનગર સાહિત્યસભાના ઉપાધ્યક્ષ સંજય થોરાત દ્વારા કરવામાંઆવી છે. આ દરેકપ્રવૃત્તિને તેઓ 'પારસમણિ' સ્પર્શદ્વારા લોઢામાંથી કંચન બનાવવા માંગે છે.

'પારસમણિ' ફાઉન્ડેશન સાથે કવિ કિશોર જીકાદરા, પુલક ત્રિવેદી, હસમુખ પટેલ, અશ્વિન ત્રિવેદી, પંકજ ગાંધી, અજય પ્રજાપતિ, વિશાલ થોરાત, અલ્કેશ મેકવાન, રિધ્ધી થોરાત, નિકુંજ શુકલા, શ્વેતા કોઠારી, દિવ્ય ત્રિવેદી જેવા સેવાકિય મિત્રો જોડાયા છે.

ગુડી પડવાના દિવસે જ સાંજે સેકટર-૮ની આદર્શ નિવાસી કુમાર શાળામાં એક નાનકડા કાર્યક્રમથી 'પારસમણિ' સંસ્થાની પ્રવૃત્તિ શરુ કરવામાંઆવી હતી. ઉદઘાટન સમયે વિશાલ થોરાતે સંગીત, કિશોર જીકાદરા-પુલક ત્રિવેદીએ સાહિત્ય અને સંજય થોરાતે સ્પોર્ટસની વિગતવાર માહિતી અને કાર્યક્રમ જાહેર કર્યા હતા. 'પારસમણિ' ફાઉન્ડેશન આવનારા વર્ષોમાં એમના કાર્યોથી સમાજમાં ઉપયોગી નિવડશે એવી સ્વામિજીએ શુભેચ્છા અને આશિર્વાદ આપ્યા હતા.

# ગાંધીનગરના જમીયતપુરા ખાતે આર્યુવેદ દવાખાનાનુ લોકાર્પણ

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાતમાં આર્યુવેદ ચિકિત્સાનો વ્યાપ વધતો જાય છે ત્યારે ગુજરાતમાં ૫૪૫ જેટલા આર્યુવેદ દવાખાનાઓમાં ૫૭૫ જેટલાં મેડીકલ ઓફીસરો સેવાઓ બજાવે છે તેમ આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજયમંત્રી કિશોર કાનાણીએ જણાવ્યું છે.

ગાંધીનગર જિલ્લાના જમીયતપુરા ગામે રૂ. ૨૦ લાખના ખર્ચે તૈયાર થયેલ સરકારી આર્યુવેદ દવાખાનાના નવીન મકાનનું લોકાર્પણ અને ગુજરાતમાં સૌ પ્રથમ આર્યુવેદીય જીવનશૈલી માર્ગદર્શન કેન્દ્રનું ઉદઘાટન કર્યા બાદ આરોગ્ય અને પરિવાર કલ્યાણ રાજયમંત્રી કિશોર કાનાણીએ જણાવ્યું હતુ કે ગાંધીનગર જિલ્લામાં ૧૭ જેટલા આર્યુવેદ દવાખાનાઓ કાર્યરત છે. આર્યુવેદ એ વિશ્વનું સૌથી પ્રાચીન ચિકિત્સા શાસ્ત્ર છે. અગ્નિકર્મ અને જાલંધર બંધ જેવી પધ્ધતિઓ ખૂબ જ સરળ, અકસીર અને તાત્કાલીક લાભકારક પુરવાર થઈ છે.





જમીયતપુરા ખાતે મેગા નિઃશુલ્ક આર્યુવેદ અને હોમીયોપેથી નિદાન સારવાર કેમ્પની મંત્ર કિશોર કાનાણી અને ધારાસભ્ય શંભુજી ઠાકોરે મુલાકાત લઈ દર્દીઓને આપવામાં આવનાર વિવિધ સારવાર પધ્ધતિ નિહાળી હતી. આ પ્રસંગે જિલ્લા કલેકટર સતિષ પટેલ, જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈ, આર્યુવેદ નિયામક દિનેશચંદ પંડયાએ આ નિઃશુલ્ક આર્યુવેદ મેગા કેમ્પમાં અગ્નિકર્મ, જાલંધર બંધથી હાલતા દાંત પાડવા, મધુમેહ (ડાયાબીટીસ), મેદસ્વીપણુ, વંધ્યત્વ નિવારણ વગેરે સારવાર માટે તજજ્ઞ વૈદ્ય દ્વારા અપાતી સારવાર નિહાળી વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું.

જિલ્લા આર્યુવેદ અધિકારી ભાવનાબેન પટેલે જણાવ્યું હતુ કે ગાંધીનગર સે. ૭ના આર્યુવેદ દવાખાનામાં દર ગુરૂવારે વંધત્વ નિવારણ સારવાર આપવામાં આવે છે. છેલ્લા દોઢ વર્ષમાં ૧૩૦ જેટલા દર્દીઓને લાભ આપી ૪૦ દંપતીઓને આ સારવારમાં સફળતા મળી છે. દર બુધવારે ઓબેસીટી માટે સે. ૭ ખાતે અને દર ગુરૂવારે સીવીલ હોસ્પિટલ ગાંધીનગર ખાતે ડાયાબીટીશ માટે ખાસ તબીબી સારવાર આપવામાં આવે છે.

# નેશનલ ડિફેન્સ કોલેજના વરિષ્ઠ સેના અધિકારીઓનું ડેલીગેશન મુખ્યમંત્રીની સૌજન્ય મુલાકાતે

ગાંધીનગર, તા. ૨૦

મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની આજે નેશનલ ડિફેન્સ કોલેજના ગુજરાતનો અભ્યાસ પ્રવાસ કરી રહેલા સુરક્ષા સેનાઓના ૧૨ વરિષ્ઠ અધિકારીઓએ સૌજન્ય મૂલાકાત લઈને ગુજરાતના ગુડ ગવર્નન્સ સર્વગ્રાહી વિકાસ તથા પારદર્શી પ્રશાસનની સિધ્ધિઓ વિષય ઉપર રસપ્રદ પ્રશ્નોતરી કરી હતી.

આ ડેલિગેશનમાં ભારતીય સેનાની જલ-વાયુ-થલ સેના તથા અર્ધલશ્કરી દળોના આલા અફસરો સાથે ઈઝરાયલ, યુગાન્ડા, શ્રીલંકા અને જાપાનના અફસરો પણ જોડાયા હતા.

# જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા ૧૪ એપ્રિલે લોક અદાલત યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળ દિલ્લી દ્વારા આગામી તા. ૧૪ એપ્રિલથી રાષ્ટ્રીય લોક અદાલતનું આયોજન કરવામાં આવ્યું છે. ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળના આદેશ મુજબ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા પણ તા. ૧૪ એપ્રિલના રોજ સેકટર-૧૧ ના ન્યાયમંદિરના પ્રથમ મજલે લોક અદાલત યોજવામાં આવશે. જેમાં ફોજદારી સમાધાન લાયક કેસ, બેંકના લેણાના, લેબરના, લગ્ન વિષયક, રેવન્યું, મોટર અકસ્માત વળતર, ઈલેકટ્રીક સીટી તેમજ પાણી વેરાના, એલ.એ.આર સહિત અન્ય સિવિલ કેસો મુકવામાં આવશે.





અરવલ્લી જીલ્લાના મેઘરજ ગ્રામ પંચાયતમાં સફાઈ કામદારો તેમની વિવિધ પડતર માંગણીઓને લઈ ૫ દિવસ અગાઉ ગ્રામ પંચાયત કચેરી પટાંગણમાં હડતાલ પર ઉતાર્યા હતા પરંતુ ગ્રામપંચાયત ના સત્તાધીશો એ સફાઈ કામદારોની પડતર માંગણીઓ અંગે યોગ્ય નિર્યણ નહિ કરતા મંગળવારે ૫ માં દિવસે પ્રવેશેલી ભૂખ હડતાલ માં જોડાયેલ ત્રણ સફાઈ કામદાર મહિલાઓને ડિહાઈડ્રેશન ની અસર થતા ત્રણે મહિલાઓને તાબડતોડ ૧૦૮ ઈમરજંસી એમ્બ્યુલન્સે મારફતે મેઘરજ સરકારી હોસ્પિટલ માં સારવાર અર્થે ખસેડવામાં આવી હતી ત્રણે મહિલાઓની હાલત લથડતા ભારે ઉપહોંહ મચ્યો હતો હડતાલ પર ઉતરેલા સફાઈ કામદારોએ જ્યાં સુધી તેમની માંગણીઓ નહિ સ્વીકારાય ત્યાં સુધી હડતાલ પર અડગ હોવાનું જણાવ્યું હતું. મેઘરજ ગ્રામ પંચાયતમાં સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા કર્મચારીઓ હડતાલ પર ઉતારતા ઠેર ઠેર ગંદકીના થર જામી જતા નગરમાં રોગચાળો ફાટી નીકળે તેવી દહેશત પેદા થઈ છે.

# સર્વ નેતૃત્વ ગૃપના યુવાનોએ જરૂરિયાતમંદ વર્ગના બાળકોને પ્રવાસ કરાવ્યો

કડી સર્વ વિશ્વ વિદ્યાલયના સર્વ નેતૃત્વ ગૃપ દ્વારા જરૂરિયાતમંદ વર્ગના વિદ્યાર્થીઓને એક દિવસીય પ્રવાસ કરાવવામાં આવ્યો હતો. આ પ્રવાસમાં ૪૨ વિદ્યાર્થીઓને નકળંગ મહાદેવ, રાજપરા, રોહીશાળા, સારંગપુર અને મોગલ ધામ જેવા તિર્થસ્થળોની મુલાકાતે લઈ જવાયા હતા. સર્વ નેતૃત્વ ગૃપના યુવાનો દ્વારા વિવિધ સામાજિક પ્રવૃત્તિઓ હાથ ધરવામાં આવે છે. જે અંતર્ગત વાવોલની એમ.બી. પટેલ હાઈસ્કૂલના જરૂરિયાતમંદ વર્ગના ૪૨ વિદ્યાર્થીઓ માટે એક દિવસીય પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું હતું. આ મીની પ્રવાસમાં ૫ શિક્ષકો અને આચાર્ય બળદેવભાઈ જોડાયા હતા. પ્રવાસમાં વિદ્યાર્થીઓને વાવોલથી નકળંગ મહાદેવ, રાજપરાના ખોડિયાર માતા મંદિર, રોહીશાળાના ખોડિયાર ઉદ્દગમ સ્થાન, સારંગપુરમાં હનુમાનદાદા મંદિર તેમજ મોગલધામની મુલાકાત કરાવાઈ પરત લવાયા હતા.

## કંપની સમાચાર

### બોશ પાવર ટુલ્સે ભારતમાં પ્રથમવાર 'સર્વિસ ઓન વ્હીલ્સ'ની રજૂઆત કરી

બાંધકામ, લાકડાનું કામ અને ધાતુના કામ સાથે સંકળાયેલા ઉદ્યોગો માટે પાવરટુલ્સનું ઉત્પાદન કરતી વિશ્વની ટોચની ઉત્પાદક કંપનીઓ પૈકીની એક બોસ પાવરટુલ્સ ઈન્ડિયાએ 'સર્વિસ ઓન વ્હીલ્સ'ની રજૂઆત કરી છે. આ પગલાથી ગ્રાહકોને ઘર આંગણે શ્રેષ્ઠ સેવાઓ ઉપલબ્ધ બનશે અને સમયની બચત થશે. બોશ પાવર ટુલ્સ જીએમબીએચના પ્રેસિડેન્ટ હેનિંગ વોન બોક્સબર્ગ દ્વારા બેંગ્લુરમાં બે વાનને લીલી ઝંડી બતાવવામાં આવી હતી.

'સર્વિસ ઓન વ્હીલ્સ' વાનમાં રિપેર, ટ્રેનીંગ, રૂટિન મેઈન્ટેનન્સ, પ્રોડક્ટ નિદર્શન જેવી સેવાઓ પુરી પાડવામાં આવે છે. આ ઉપરાંત સર્વિસ ઓન વ્હીલ્સ વાનમાં જેન્યુઈન બોશ પાર્ટસ અને કૌશલ્યયુક્ત તાલીમબદ્ધ ટેકનિશિયનોની સેવાઓ ઉપલબ્ધ છે.

બોશ પાવરટુલ્સ જીએમબીએચનાં પ્રેસિડેન્ટ હેનિંગ બોન બોક્સબર્ગે આ પ્રસંગે જણાવ્યું હતું કે, 'સર્વિસ ઓન વ્હીલ્સ પગલા દ્વારા ગ્રાહકો સાથેના અમારા સંબંધો વધુ દઢ બનશે.' બોશ પાવર ટુલ્સનાં રિજનલ સેલ્સ ડાયરેક્ટર અને બિઝનેસ હેડ ભારત અને સાર્ક શ્રી પનીશ પીકેએ જણાવ્યું હતું કે, 'અમે ગ્રાહકોને રિપેર અને વોરંટીના સંદર્ભમાં વેચાણ પછીની સેવાઓ દુઃખ વગરનો અનુભવ બનાવવા પ્રતિબદ્ધ છીએ.'

### ઓડીએ તેના તમામ મોડલોમાં ભાવ વધારો કર્યો

**૧ એપ્રિલથી અમલમાં બને તે રીતે ચાર ટકા સુધીનો ભાવ વધારો**

જર્મન લકઝરી કાર ઉત્પાદક કંપની ઓડીએ તાજેતરમાં કેન્દ્રિય બજેટમાં કસ્ટમ્સ ડ્યુટીમાં કરવામાં આવેલા વધારાને અનુલક્ષીને તમામ મોડલોમાં ચાર ટકા સુધીનો ભાવ વધારો કર્યો છે. આ ભાવ વધારો રૂ. ૧,૦૦,૦૦૦ થી રૂ. ૯,૦૦,૦૦૦ સુધીનો છે અને તા. ૧ એપ્રિલથી અમલમાં આવશે.

ઓડી ઈન્ડિયાના અધ્યક્ષ રાહિલ અન્સારીએ જણાવ્યું હતું કે, 'તાજેતરના કેન્દ્રીય બજેટમાં કસ્ટમ્સ ડ્યુટીમાં વધારો કરવામાં આવ્યો છે અને એજ્યુકેશન સેશનાં સ્વરૂપે સોશ્યલ વેલફેર સરચાર્જમાં પણ વધારો કર્યો છે, જેનાથી ભાવવધારો અનિવાર્ય બન્યો હતો. અમે કેન્દ્રીય બજેટમાં કરવામાં આવેલા કસ્ટમ્સ ડ્યુટીનાં વધારાની અસર અમારા ગ્રાહકોને લઘુત્તમ થાય તેવા પ્રયાસો કર્યો છે. ભાવવધારાની અસરને ઓછી કરવા અને અમારા ગ્રાહકો માટે ઓડી ફાયનાન્સ સ્કીમ્સ પણ રજૂ કરી રહ્યા છીએ.' તેમણે વધુમાં ઉમેર્યુ કે, 'લકઝરી કાર ઉદ્યોગ લકઝરી વાહન સહજતાથી ઉપલબ્ધ બને તે માટે ઘણા પગલાંઓ લઈ રહ્યું છે. ત્યારે અમે સરકાર આ ઉદ્યોગને સહકાર આપે તેવી આશા રાખીએ છીએ. કારનાં વેચાણથી સરકારને વધારે ટેક્સ મળી શકે છે.'

## વિધાનસભામાં....

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગામોમાં શરૂઆતથી જ ગૌચરની જમીન આવલે ન હોવાથી ૬ ગામોની જમીનો પાટનગર યોજના વિભાગને હસ્તકને સોંપાયેલ હોવાથી ,૨ ગામોની ગૌચર જમીન સરકાર હસ્તક તથા ૨ ગામોની ગૌચર જમીન પંચાયત હસ્તક હોવાથી ગોચરની જમીન કમી થયેલ હોવાથી ઉપલબ્ધ નથી. જેના લીધે ગૌચર ન જાળવી શકનારા સામે પગલા લેવાનો કોઈ પ્રશ્ન નથી.

**● વિચરતી વિમુક્ત જાતિના લોકો માટે જમીન માટે ૫૨ અરજી મળી**

જિલ્લામાં વિચરતી અને વિમુક્ત જાતિના લોકોને સ્થાયી વસવાટ માટે જમીન ફાળવવા માટેની કેટલી અરજીઓ સરકારને મળી જેના જવાબમાં મહેસુલ મંત્રીએ જણાંવ્યા મુજબ ગાંધીનગર જિલ્લાને અનુલક્ષી ૫૨ અરજીઓ મળી છે. જયારે આ પૈકી હજુ સુધી એકપણ અરજીને મંજુર કરવામાં આવી નથી. જયારે ત્રણ અરજીઓ મળી છે.

**● ઇ ધારામાં ૪૫૭૭ હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી**

ગાંધીનગર જિલ્લામાં ઈ ધારા કેન્દ્રોમાં કેટલા હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે અને બાકી નોંધોનો નિકાલ ક્યારે આવશે દહેગામના ધારાસભ્ય બળદેવજી ઠાકોરના પ્રશ્નના જવાબ અંગે મહેસુલમંત્રીએ આપેલા લેખિત જવાબમાં જણાંવ્યા મુજબ ૪૫૭૭ હક્ક પત્રક નોંધોનો નિકાલ બાકી છે. જયારે બાકી કામગીરીનો સમય મર્યાદામાં નિકાલ કરવામાં આવશે.

## પેપર અઘરુ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પેપરની પરીક્ષા બાદ વિદ્યાર્થીઓ અને વાલીઓ રોષે ભરાયા હતા. જયારે છેલ્લા ૨૦ વર્ષમાં આ પ્રકારનુ અઘરુ અને અટપટુ પેપર ન નિકળ્યુ હોવાનો સુર પણ ઉઠવા પામ્યો હતો. પુસ્તક અને અભ્યાસક્રમ બહારના દાખલા પુછી માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આપવામાં આવેલ બલ્યુ પ્રિન્ટની પણ પેપર સેટરે ઐસી તૈસી કરી દીધી હોવાનુ પણ સ્પષ્ટ થયુ હોવાનો આક્રોશ પણ પ્રબળ બન્યો છે. આ મામલે બોર્ડ દ્વારા યથાયોગ્ય રીતે તટસ્થ ન્યાયિક તપાસ હાથ ધરી જવાબદાર પેપર સેટર અધિકારી સામે પગલા હાથ ધરાય તેવી પણ પ્રબળ માંગ વાલીઓમાં ઉઠવા પામી છે.

## ભાંગી પડ્યા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ઈરાકમાં ગયા હતા. ૨૦૧૪માં અપહરણ કરી લેવાયું હતું. ઈરાકમાં માર્યા ગયેલા બિહારના સિવાન નિવાસી વિદ્યાભૂષણ તિવારીના સંબંધી પુરુષોત્તમ તિવારીએ કહ્યું છે કે, સરકાર સમક્ષ વારંવાર માહિતી મેળવવાના પ્રયાસ થયા હતા. રાજ્યસભામાં આજે સુષ્મા સ્વરાજે નિવેદન કરતી વેળા ભાવનાશીલ દેખાયા હતા. તેમણે કહ્યું હતું કે, તમામ મૃતલોકોના ડીએનએ મળી ગયા છે.

## ભારે હોબાળો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સુષ્મા સ્વરાજે મંજુરી માંગી ત્યારે વિરોધ પક્ષોએ ધાંધલ ધમાલ જારી રાખી હતી. સુષ્મા સ્વરાજે કોંગ્રેસ ઉપર વળતા પ્રહાર કર્યા હતા. કોંગ્રેસના સભ્યોએ હોબાળો મચાવ્યો હતો. સ્પીકરે કહ્યું હતું કે, અમે અમારા લોકો માટે જ સંવેદન દેખાઈ રહ્યા નથી. ગૃહની સ્થિતિ યોગ્ય નથી. અવિશ્વાસ દરખાસ્ત ઉપર ચર્ચા થઈ શકે તેમ નથી જેથી તેઓ કાર્યવાહીને સ્થગિત કરે છે. રાજ્યસભામાં તમામ મૃતકોને શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી. બજેટ સત્રાના બજા તબક્કામાં કાર્યવાહી વારંવાર મોકૂફ કરવામાં આવી રહી છે. આંધ્રપ્રદેશને ખાસ રાજયના દરજ્જાના મુદ્દે ભારે હોબાળો થતો રહ્યો છે. ટીડીપીએ આ મુદ્દે એનડીએ સાથે છેડો પણ ફાડી લીધો છે. બીજી બાજુ ટીડીપી અને વાયએસઆર કોંગ્રેસે સરકારની સામે અવિશ્વાસ પ્રસ્તાવ માટે નોટિસ આપી હતી. અધ્યક્ષે મંજુરી આપી હોવા છતાં અવિશ્વાસની દરખાસ્ત રજૂ થઈ શકી નથી.

## બંધકોની હત્યા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સુષ્માએ કહ્યું હતું કે, ૨૦૧૪ની ઘટના છે. જૂન મહિનાની અને આજે ૨૦૧૮નો ગાળો છે. આ ગાળા દરમિયાન અમે તમામ પ્રયાસો કરી રહ્યા હતા. જે કંઈ પણ શક્ય હતું તે કરવામાં આવ્યું હતું. વડાપ્રધાને બનતા તમામ પ્રયાસો કર્યા હતા. તેઓએ પોતે વિદેશમંત્રીઓ સાથે વાત કરી હતી. તેઓ વારંવાર કહી રહ્યા હતા કે જ્યાં સુધી પુરાવા મળશે નહીં ત્યાં સુધી અમે લાપત્તા ભારતીયોને મૃતક તરીકે ગણી શકીએ નહીં. જ્યારે પુરાવા હાથ લાગ્યા છે ત્યારે આની કબૂલાત કરી રહ્યા છે. સુષ્માએ પીડિત પરિવારો તરફથી મુકવામાં આવેલા આક્ષેપોનો પણ જવાબ આપ્યો હતો. તેમણે કહ્યું હતું કે, પરિવારવાળાને પહેલા કેમ જાણ કરવામાં આવી નથી. તેવા પ્રશ્નનો જવાબ એ છે કે, સંસદની આ પરંપરા રહી છે. સત્ર ચાલે ત્યારે મહત્વની માહિતી સંસદ સત્રમાં આપવામાં આવે છે. તેમણે પહેલા જ કહ્યું હતું કે, જેમ જ કોઈ પુરાવા હાથ લાગશે સત્રમાં માહિતી આપવામાં આવશે. લાખો મૃતકોમાંથી ભારતીય મૃતકોની ઓળખ કઈ રીતે થઈ તેવા પ્રશ્નના જવાબમાં સુષ્માએ કહ્યું હતું કે, જ્યારે ડીએનએ સેમ્પલ લેવામાં આવ્યા ત્યારે આની માહિતી એકત્રિત કરવાની પ્રક્રિયા હાથ ધરાઈ હતી. મોસુલની મુક્તિના ૨૦-૨૫ દિવસ બાદ પણ જ્યારે ભારતીયો અંગે માહિતી ન મળી ત્યારે મૃતદેહોની તપાસનો નિર્ણય કર્યો હતો જેથી ડીએનએ સેમ્પલ લેવામાં આવ્યા હતા.

## લાઈફમાં રીસ્ક... ● ત્રીજા પાનાનું ચાલુ

વેક્શીન આપવાના અભિયાનમાં પણ તેઓ કાર્ય કરી રહ્યા છે. તેઓની ટીમે અત્યાર સુધી ૩ લાખ જેટલા નાગરીકોને હેપેટાઈટીસ-બીની વેકશીન આપી છે. ૨૦૨૦ સુધીમાં ૧૩ લાખ જેટલા પીડીતોને વેક્શીન આપવાનો તેમનો લક્ષ્ય છે. જે માટે કાર્ય કરી રહ્યા છે. ગાંધીનગરની મુલાકાત દરમિયાન અરૂણિમાએ એક કાર્યક્રમમાં ગુજરાતના યુવાનો, યુવાનોની સમાજ સેવા તથા ગુજરાતી ભોજનના ખુબ વખાણ કર્યા હતા. ગુજરાતી લોકો જેટલુ ટ્રેડિસનલ મીઠુ ખાય છે તેના કરતા પણ વધારે મીઠુ બોલે છે તેમ કહી સંબોધન કર્યુ હતુ.

વર્ષ ૨૦૧૪માં અરૂણિમાં એવરેસ્ટ પર પહોંચી હતી તે ઘટનાના સમાચાર બાબતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મીનીટોમાં જ ટ્વીટ કરી અરૂણિમાને શુભેચ્છાઓ આપી હતી અને વડાપ્રધાન નાની નાની બાબતનું પણ ધ્યાન રાખે છે. તે વાતનો પણ આજે તેમને મુલાકાત દરમિયાન ઉલ્લેખ કર્યો હતો.

ઉપરાંત યુવાનોને પોતાનો લક્ષ્ય બનાવી તેની પાછળ લાગી જવા અંતે સફળતા મળશે તથા મહિલાઓનું સન્માન કરો, મહિલાઓની તાકાતને ઓળખી તેને મદદ કરવાનો મેસેજ આપ્યો હતો.

હવે પછી અરૂણિમાનો ગોલ એ એન્ટાન્ટીકા માઉન્ટ વિલ્સન પર્વતના શિખર પર તિરંગો લહેરાવવાનો છે. તેઓ આગામી ડિસેમ્બરમાં આ ચેલેન્જ લઈને રવાના થશે. તેના માટે બેસ્ટ ઓફ લક અરૂણિમા.

## ગુલમહોર ● ચોથા પાનાનું ચાલું...

બેડરૂમમાં જવા માટે કૃતિએ બારણું ખોલ્યું અને રોહન અંકલ સાથે મમ્મીને લપાયેલી જોઈને કૃતિ બેડરૂમનું બારણું ધડાકા સાથે બંધ કરીને બીજા રૂમમાં દોડી ગઈ હતી.

જરાક સરખી થઈને બહાર આવેલી હરિતાએ કૃતિને એક તમાચો ચોડી દીધો હતો અને ખખડાવી નાખી હતી કે ''ખબરદાર, જો તેં પપ્પાને કશું કહ્યું છે તો...''

કૃતિ એ રાત્રે ઘરે આવેલા નિલેન્દુના ખોળામાં આવીને લપાઈ ગઈ હતી. તેની આંખોમાં આંસુ સૂકાઈ ગયા હતા પણ સૂકી આંખો નિલેન્દુ વાંચી શક્યો નહોતો. કૃતિ કંઈક બોલે તે પહેલા હરિતા જ બોલી પડી હતીઃ ''નિલુ, ટાઈમ થઈ જવા છતા હજુ મને પિરિયડ આવ્યા નથી. આપણે ડૉક્ટર પાસે જવું પડશે. મને કદાચ પ્રેગનન્સી તો નહિ હોય ને?''

નિલેન્દુ તો હરિતાના ચહેરા સામે જોતો જ રહી ગયો. ખોળાના ખુંદનારની ખેવનામાં દત્તક દીકરી લીધા બાદ હવે હરિતાએ દીકરાને જન્મ આપ્યો હતો. નિલેન્દુએ પોતાનાં આશ્ચર્ય, કૌતુક અને નવાઈ શમાવી રાખ્યાં હતાં. પુત્રજન્મની ખુશી પોતાના ચહેરા ઉપર લીંપાયેલી રાખી હતી. બીજી તરફ હરિતાને બાળક શક્ય નથી એવો રિપોર્ટ આપનારા ડૉક્ટરોને પણ આશ્ચર્ય થયું હતું. દીકરાનું નામ મંદાર પાડ્યું હતું. ચાળીસીના આરે આવેલી હરિતા હવે થાક અનુભવતી હતી. ઉંમરની અસરથી તે પણ બાકાત નહોતી.

પુત્રજન્મ પછી હરિતાનો કૃતિ તરફનો વ્યવહાર બદલાવા માંડ્યો હતો. કૃતિને પણ ખબર પડવા માંડી હતી. તે સમજણી થતી ગઈ તેમ તેમ ''અપર મા'' કોને કહેવાય એનો ખ્યાલ તેને આવી રહ્યો હતો. તેના ચહેરા ઉપર એક પ્રકારની ખામોશીએ સ્થાન લેવા માંડ્યું હતું. અપર માના ગુસ્સાવાળા ચહેરા ઉપરથી જ કૃતિ પાર પામી જતી કે મા હવે શું કરશે? નિલેન્દુ મનમાં ને મનમાં તો બધું જ સમજતો હતો પણ મન મનાવીને સમસમીને બેસી રહેતો હતો. અર્ધી ઉંમરે હવે લગ્નજીવનમાં રસ્સાખેંચ શું કામ કરવી? એવો વિચાર કરીને તે ચુપ બેસી રહેતો.

પતિ-પત્ની વચ્ચે ક્યારેક ઝગડા થઈ પણ જતા. આખરે બેઉ મન મનાવી લેતાં અને સંસારની ગાડી એમ જ ચાલ્યા કરતી. ઘીના ઠામમાં ઘી પડ્યું રહેતું. મંદાર હવે છ વર્ષનો થયો હતો. કૃતિ પણ નવ વર્ષની થઈ હતી. હરિતાની આંખો નીચે કાળા કુંડાળાએ આસન જમાવી દીધું હતું. ખરતા વાળ અને સફેદીનો હરિતા સામનો કરી રહી હતી. હરિતાના રૂપની હવે પાનખર બેઠી હતી.

એક અમાસી રાતે ફ્લેટની બાલ્કનીમાં ઈઝી ચેર ઉપર બેઠેલા નિલેન્દુએ પોતાની બાજુમાં સ્વિંગ પર બેઠેલી હરિતાને કહ્યું હતું કે ''હરિતા, હમણા ઘણા વખતથી રોહન કેમ દેખાતો નથી? પહેલા તો એની નિયમિત વિઝિટ રહેતી હતી. કોણ જાણે કેમ પણ આપણા મંદારના ચહેરામાં મને તો રોહન જ દેખાયા કરે છે...''

આ સાંભળીને હરિતા આડું જોઈ ગઈ હતી.